# ભાષા કોર્નરમાં કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ

## ❖ભાષા ડીસ્પ્લે બોર્ડ :

ભાષા ડીસ્પ્લે બોર્ડ પર ચારેય ભાષાને લગતું સાહિત્ય મૂકી શકાય.
જેમ કે,

- વિવિધ લેખક અને કવિ પરિચય.
- વિવિધ લેખક અને કવિના ફોટોગ્રાફસ.
- વિવિધ લેખક અને કવિ દ્વારા નિર્મિત સાહિત્ય.
- વિવિધ લેખક અને કવિની જન્મજયંતીની ઊજવણી.
- અનુલેખન,સુલેખન,શ્રુતલેખન,નિબંધલેખનના બાળકો દ્વારા લખાયેલા સુંદર અને આકર્ષક નમૂના.
- વિદ્યાર્થી દ્વારા સ્વરચિત કે સંકલિત ભાષા સાહિત્ય.
- ભાષા સાહિત્ય જેવું કે લોકગીત,લોકકથા,વાર્તા,ગીત,પ્રેરકપ્રસંગ,વ્યાકરણને લગતા મુદ્દા વગેરે...

સી આર સી નંબર ૪ રાજકોટ કોર્પોરેશન

## ❖ વિષયવસ્તુને લગતું સાહિત્ય :

✓ ચારેય ભાષાઓમાં ધોરણવાર / વિષયવાર વિદ્યાર્થીઓ પાસે સમાનાર્થી શબ્દ,વિરૂદ્ધાર્થી શબ્દ,શબ્દસમૂહ માટે એક શબ્દ,વ્યાકરણને લગતા અન્ય મુદ્દાનું સાહિત્ય તૈયાર કરાવી શકાય.

## ❖ ભાષાકીય સંદર્ભ સાહિત્ય તૈયાર કરવું :

જેમ કે,

- કહેવત સંગ્રહ
- લોકગીત સંગ્રહ
- લોકકથા સંગ્રહ
- રૂઢીપ્રયોગ સંગ્રહ
- સુવિચાર સંગ્રહ
- સ્થાનિક વિસ્તારમાં બોલાતા તળપદી શબ્દોની યાદી કરી તેના માન્ય ભાષાના અર્થ લખવા. o અંગ્રેજીમાં વિવિધ ગીતનું સંકલન.
- વ્યાકરણને લગતા મુદ્દાઓ.

## ❖ મારી પ્રેરણાપોથી ( વર્ગવાર બનાવી શકાય ) :

મારી પ્રેરણાપોથીમાં બાળકોને જેમાંથી પ્રેરણા મળી હોય તેવી બાબત,જેમ કે સુવિચાર,વાર્તા,પ્રસંગ,પુસ્તક પરિચય નોંધી શકે.જે વિદ્યાર્થી આવી બાબત નોંધે તે સંકલનકર્તા તરીકે પોતાનું નામ લખશે.

## ❖ ભાષાક્વિઝ :

વિષયવસ્તુને લગતા પ્રશ્નો,વ્યાકરણના મુદ્દાને લગતી ક્વિઝ ધોરણવાર યોજી શકાય.જેમ કે, સમાનાર્થી શબ્દ ક્વિઝ...

## ❖ પ્રશ્નબેંક :

ધોરણવાર ઉત્તરો સહિતની પ્રશ્નબેંક તૈયાર કરાવી શકાય.જેમાં વૈકલ્પિક અને ટૂંકજવાબી પ્રશ્નબેંક તૈયાર થઈ શકે.

સી.આર.સી. નંબર ૪ રાજકોટ કોર્પોરેશન

અહીં આપેલ પ્રવૃત્તિઓ એ ભાષાકાર્નર અંતર્ગત કરાવી શકાય તેવી નમૂનારૂપ પ્રવૃત્તિઓ છે.શિક્ષક જે–તે ભાષા અંતર્ગત વિદ્યાર્થીઓમાં ભાષાકીય કૌશલ્યો અને ભાષા કર્મ વિકસે તેવી પ્રવૃતિઓ પોતાની સૂઝ–આવડત મુજબ કરાવી શકશે.